તાત્કાલીક/ ખુબ જ જરૂરી

# નાયબ નિયામક,
# અનુસૂચિત જાતિ કલ્યાણની કચેરી

'સી' બ્લોક, છઠ્ઠો માળ, બહુમાળી મકાન, નાનપુરા, સુરત-૩૯૫૦૦૧

☎ ૦૨૬૧-૨૪૬૪૪૩૦ ઇ-મેઇલ :: swo-sur@gujarat.gov.in

---

જા.નં. ના.નિ./ ૨૦૨૦-૨૧/ ૬૯૮ તા. ૦૧/૦૩/૨૦૨૧

પ્રતિ,

જીલ્લા શિક્ષણાધિકારીશ્રી,

સુરત

વિષય:વર્ષ ૨૦૨૦-૨૧ ની શાળાની **(સરકારીશાળા, ગ્રાંટ ઇન એઇડ શાળા,ખાનગી શાળાઓ)** કરવાની બાકી એન્ટ્રીઓ તથા આચાર્ય લેવલ પર પડતર રહેલ વિદ્યાર્થીઓની પ્રિ-મેટ્રિક શિષ્યવૃત્તિની ઓનલાઈન દરખાસ્તોનો તાત્કાલિક નિકાલ કરવા બાબત..

જયભારત સહ ઉપરોક્ત વિષય અન્વયે જણાવવાનું કે,વર્ષ ૨૦૨૦-૨૧ માટે અનુસૂચિત જાતિના વિદ્યાર્થીઓની પ્રિ-મેટ્રિક શિષ્યવૃત્તિ માટે ખાનગી શાળાઓ પણ BCK-2/71 વાળી દરખાસ્તો તથા અન્ય સ્કીમની દરખાસ્તો મોકલી શકે છે જે બાબત ધ્યાને લઇ જે શાળાઓની ઓનલાઈન દરખાસ્તો મોકલવાની બાકી હોય તો **દિન-૫** માં મોકલી આપવા વિનંતી છે. અને જે ખાનગી શાળાઓ શિષ્યવૃત્તિની દરખાસ્ત મોકલવામાં ઉદાસીનતા દાખવે છે અને ઘણી શાળાઓ શિષ્યવૃત્તિની કાર્યવાહી તેમની શાળા દ્વારા કરવામા આવશે નહી એવી ફરીયાદ વિદ્યાર્થીના વાલીઓ દ્વારા અત્રેની કચેરીએ અવાર-નવાર કરવામાં આવતી હોય છે. જેથી આપની કક્ષાએથી આવી ખાનગી શાળાઓને અનુસૂચિત જાતિના વિદ્યાર્થીઓની પ્રિ-મેટ્રિક શિષ્યવૃત્તિની ઓનલાઈન દરખાસ્ત કરવામાં ખાનગી શાળાઓનો કડક સૂચના આપવા વિનંતી છે અન્યથા આવી શાળાઓ તથા તેમની શાળાના આચાર્યશ્રી સામે કડક કાર્યવાહી કરવામાં આવશે.

વધુમાં જણાવવાનું કે, જો કોઇ વિદ્યાર્થી શિષ્યવૃત્તિના લાભથી વંચિત રહેશે તો તેની સઘળી જવાબદારી જે તે શાળાના આચાર્યશ્રીની રહેશે. જે બાબતની ગંભીરતા લઇ આપની કક્ષાએથી યોગ્ય કાર્યવાહી કરવા જણાવામાં આવે છે.

બિડાણ - પરીપત્રની નકલ

નાયબ નિયામક
અનુસૂચિત જાતિ કલ્યાણ
સુરત

નકલ સવિનય રવાના:

૧) નિયામકશ્રી,અનુસૂચિત જાતિ કલ્યાણ,ગાંધીનગર ...............તરફ જાણ સારૂ.

Scanned with CamScanner